ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૭/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૩/૦૨/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૬/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૧૯-૨૦/૩૨૨૬
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૧/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/GPSC/૨૦૧૯-૨૦/૩૯૩૮
(૪) વિભાગનો તા.૦૩/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

સુધારા ઠરાવઃ-

૧. વંચાણે લીધેલ ઠરાવ (૧)થી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખ્યાતિ પ્રાપ્ત ખાનગી સંસ્થાઓ દ્વારા તાલીમ આપવાની યોજના અંતર્ગત એજન્સીની પસંદગી પેનલ બનાવીને ટેન્ડર પ્રક્રિયા દ્વારા સંસ્થા પસંદ કરીને લાભાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- ની મર્યાદામાં ખાસ પ્રોત્સાહન સહાય સંસ્થાઓને ચૂકવવાની યોજના અમલમાં છે.

૨. વંચાણે લીધેલ (૨) અને (૩) પરની નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર ઉક્ત યોજનાના સ્થાને ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સમાન પ્રકારની યોજનાના ધોરણો પ્રમાણે પસંદ થયેલ સંસ્થામાં કોચિંગ મેળવતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.)

તરીકે ચૂકવવામાં આવે તે મુજબ ઉક્ત યોજનાના ઠરાવમાં સુધારો કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ઠરાવ (૧)ની શરતોમાં નીચે મુજબની શરતોનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(ક) "આ યોજનામાં પસંદ થયેલ સંસ્થામાં કોચિંગ મેળવતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે ચૂકવવાની રહેશે."

(ખ) ઉક્ત સંસ્થાઓની પસંદગી અંગે નીચે મુજબના ધારા ધોરણો ધ્યાને લેવાના રહેશે.

૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇએ.

૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇએ.

૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે.

૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહું યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે.

(ગ) સદરહુ યોજના અંતર્ગત તાલીમાર્થીઓએ તાલીમ પૂરી કર્યાનું નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

વંચાણે લીધેલ (૧) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૩/૦૨/૨૦૧૮ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૧/૨૦૨૦ અને તા.૨૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત ચૌધરી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૯) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૧) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૨) સિલેક્ટ ફાઇલ